Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૩ મું. સંવત ૨૦૦૧.

અંક ૨ જો. ભાદ્રપદ : સપ્ટેમ્બર.

સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર.

પ્રકાશક—

—: શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર :—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ અંકમાં


| | | |
|---|---|---|
| ૧ પર્યુષણા પર્વારાધના. | ( મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી ) | ૧૭ |
| ૨ કાવ્ય અષ્ટપદી. | ( ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી ) | ૧૮ |
| ૩ કાવ્યથી મળતા મહાન લાભો. | ( મુનિરાજશ્રી ધુરન્ધરવિજયજી ) | ૧૯ |
| ૪ સંક્ષિપ્ત બોધવચનમાળા. | ( આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી ) | ૨૨ |
| ૫ જગદ્‌ગુરુ વિજયહીરસૂરીશ્વરજી. | ( મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી ) | ૨૪ |
| ૬ વૈરાગ્યમય વિવિધ વિચારો | ( મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ) | ૨૫ |
| ૭ જ્ઞાનસારના બત્રીશ અષ્ટકનો સંક્ષિપ્ત સાર. | ( શ્રી પુણ્યવિજયજી સંવિજ્ઞપાક્ષિક ) | ૨૬ |
| ૮ समयं मा पमाए। બેદરકારીનો ભોગ. | ( ચોકસી ) | ૨૭ |
| ૯ પ્રાસંગિક સ્ફુરણ. | ( શ્રી ફતેહચંદ ઝવેરભાઇ ) | ૨૯ |
| ૧૦ વર્તમાન સમાચાર— | ( સભા. ) | ૩૦ |
| ૧૧ સ્વીકાર-સમાલોચના | ( સભા. ) | ૩૧ |


### આ માસમાં નવા થયેલ માનવંતા સભાસદો.

| | | |
|---|---|---|
| ૧ શાહ કેશવલાલ હેમચંદ ( પાટણવાળા ) | લાઇફ મેમ્બર (૧) | વીલેપારલે |
| ૨ શાહ હેમચંદ અમીચંદ | ,, (૧) | સુરત |
| ૩ શાહ બાલુભાઇ ખીમચંદ | ,, (૧) | ,, |
| ૪ મહેતા જગમોહનદાસ ઠાકરસી L. C. E. એન્જીનીયર સાહેબ | વાર્ષિકમાંથી લાઇફ મેમ્બર (૨) | ભાવનગર |

## ગુજરાતી ભાષાના તૈયાર થતાં ગ્રંથો.

### ૧ શ્રી વસુદેવ હિંડી ગ્રંથ. ( શ્રી સંઘદાસ ગણિકૃત ભાષાંતર. )

તત્ત્વજ્ઞાન અને બીજી ઘણી બાબતોને પ્રમાણિક ઠરાવવા સાદતરૂપ આ ગ્રંથની શુમારે પાંચમા સૈકામાં તેની રચના થયેલી છે. મૂળ ગ્રંથનું બહુ જ પ્રયત્નપૂર્વકનું સંશોધનકાર્ય સદ્‌ગત મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ તથા વિદ્યમાન સાક્ષરવર્ય **મુનિરાજ શ્રી પુણ્યવિજયજી** મહારાજે કરી જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. સાક્ષરવર્યશ્રી **આનંદશંકર** બાપુભાઇ ધ્રુવ સાહેબે આ સભામાં એક વખત પધારી જણાવ્યું હતું કે—આ ગ્રંથનું મૂળ અને ભાષાંતર શુદ્ધ કરી પ્રગટ કરનાર જે સંસ્થા હશે તેણે ખરી સાહિત્યસેવા કરેલી ગણાશે. ભારતનો ઇતિહાસ તૈયાર કરવા માટે અજોડ અને બહુ જ પ્રાચીન ગ્રંથ છે. દરેક જૈન જૈનેતર સાક્ષર અને સાહિત્યકારની પ્રશંસાને પાત્ર થયેલ આ ગ્રંથ છે. આવા બહુમૂલ્ય ગ્રંથનું ભાષાંતર વિદ્વાન રા. રા. **ભોગીલાલ** જ. સાંડેસરા અમદાવાદવાળા પાસે તૈયાર કરાવેલ છે. કોઇ ભાગ્યશાળી, પુણ્યવાન અને સુકૃતની લક્ષ્મી પામેલ જૈન બંધુનું નામ આ ગ્રંથ સાથે જોડાય તેમ ઇચ્છીએ છીએ. ખરેખરી જ્ઞાનભક્તિનું આ ઉત્તમોત્તમ કાર્ય છે, આ ગ્રંથમાં અનેક ઐતિહાસિક સામગ્રી, અનેક જાણવાયોગ્ય વિષયો અને કથાઓ આવેલી છે.

આ ગ્રંથમાં પૂરેપૂરી સહાય આપનારનું જીવનચરિત્ર અને ફોટો આપવામાં આવશે. આ પ્રભાવશાળી, ઉત્તમોત્તમ અને સર્વમાન્ય ગ્રંથ-સાહિત્યની સેવા કરવાનો પ્રસંગ ભાગ્ય વગર સાંપડતો નથી. સહાય આપનાર બંધુની ઇચ્છા મુજબ આ ગ્રંથનો ઉપયોગ સભા કરી શકશે.

**અમારા નવા થનારા લાઇફ મેમ્બરોને તૈયાર થતાં ઉપરનો તેમજ નીચે જણાવેલ છપાતાં ઉત્તમોત્તમ સુંદર ચરિત્રો-ગ્રંથો તૈયાર થયે ધારા મુજબ તેઓને પણ ભેટ આપવાના હોવાથી જૈન બંધુઓ અને બહેનો લાઇફ મેમ્બર સત્વર થઇ લાભ લેવા જેવું છે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૭૧. | ભાદ્રપદ. | પુસ્તક ૪૩ મું. |
| વિક્રમ સં. ૨૦૦૧. | :: ઇ. સ. ૧૯૪૫ સપ્ટેમ્બર :: | અંક ૨ જો. |


## પર્યુષણા પર્વારાધના.

( સુણો ચંદાજી...........એ રાગ. )

શુભ ભાવ ધરી પર્યુષણ પુણ્યકારી પ્રેમે ઉજવો,
ગુરુમુખકેરો બોધ સુણીને જ્ઞાને ઉરને રીઝવો. શુભ. ( ૧ )
શુભ કલ્પસૂત્ર શ્રવણે ધારો, વિધિપૂર્વક સુણીને પાપ હરો,
ગુરુમુખથી સુણીને ભવથી તરો, શુભ ભાવ ધરી. શુભ. ( ૨ )
નવ વ્યાખ્યાનો અતિ સુખકારી, વીર પાર્શ્વ નેમિ ને ઋષભાદિ,
શુભ સ્થવિરાવલી ને સમાચારી.............................. શુભ. ( ૩ )
પર્યુષણનો શુભ અર્થ ગ્રહો, કરી પુણ્ય અતિશય પાપ દહો,
આત્મામાં રમણુતા શ્રેષ્ઠ ચહો.............................. શુભ. ( ૪ )
મળ્યું કલ્પસૂત્ર પાવનકારી, એકવીસ વાર શ્રવણે ધારી,
બનો મોક્ષતણા પછી અધિકારી.............................. શુભ. ( ૫ )
કરે ક્ષમાપના સૌ જીવ પરે, સમભાવ ધરી વર્તન જો કરે,
આરાધક પદને પ્રાણી વરે.............................. શુભ. ( ૬ )
નવ વારંવાર આ યોગ મળે, શુભ પુણ્યતણો અવસર આ ફળે,
જેથી બુદ્ધિ સુમાર્ગે વિશેષ વળે.............................. શુભ. ( ૭ )
બે સમયે પ્રતિક્રમણો કરવાં, અતિ આનંદથી પ્રભુગીત સ્મરવા,
ગુરુદેવ દર્શને શીર ધરવા.............................. શુભ. ( ૮ )
આરંભ પાપનો ત્યાગ કરો, વ્યવહાર ધર્મનું ધ્યાન ધરો,
બ્રહ્મચર્ય શીલન ગ્રહણ કરો.............................. શુભ. ( ૯ )
તપશ્ચર્યા છઠ્ઠ અઠ્ઠમની, તપ અષ્ટ દિનનું સૂત્ર બની,
વળી વિવિધ પૂજા પ્રભુ જિનની.............................. શુભ. ( ૧૦ )
અસત્ય વચનના ત્યાગી બનો, જુગારરૂપી એક શત્રુ હણો,
એવાં ગુરુના બોધતણા વચનો.............................. શુભ. ( ૧૧ )
ઓત્સવ નન્દીશ્વર દેવ કરે, માનવ ભૂમિએ કેમ ના ઉજવે ?
પછી અનંત ઋદ્ધિની પ્રાપ્તિ ધરે.............................. શુભ. ( ૧૨ )
પર્યુષણને ઉરથી સમજે, પ્રભુ ગાન વિષે તલ્લીન બને,
**હેમેન્દ્ર** અજિતપદ પ્રાપ્ત કરે.............................. શુભ. ( ૧૩ )

**મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કાવ્ય અષ્ટપદી

રચનાર—ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી-અમદાવાદ.

ધ્યાન સમાધિ તાંતણે, ચઢે યોગી આકાશ;
જ્યોતી ઝળહળમાં સમે, ભૂલે વિશ્વના તાપ. (૧)

ભૂલી જતો સ્થૂળ જગતને, ભૂલતો જગ સંતાપ;
નયન મીંચાણા જગ ભણી, ભિતર ભયો ઉજાસ. (૨)

લોહું કાંચન સમ ગણે, શત્રુ મિત્ર સમ ભાવ;
સુખ દુઃખના ત્યાં શા ગજાં, કોણુ પૂછે તસ ભાવ. (૩)

ગાતાં પ્રભુના ગીતડાં, વહે અશ્રુની ધાર;
તે હ્રદય ના ડંખતો, જાણે જગતાધાર. (૪)

ભક્તિ સાગર ઉછળ્યો, ડૂબ્યો ભકત તસ માંય;
જેમ જેમ ઊંડો ઉતરે, મળે મુક્તાફળ ત્યાંય. (૫)

કોણુ હતો તું કયાં હતો? કયાં ઊભો છું આજ?
કયાં જાવા મન સુબડા, કોણુ હસે તુજ સાથ? (૬)

હું ભૂલો મારું ભૂલો, પછી દેહ માટીના ભૂલો;
તબ ભાન ભિતરનું થશે, ને અજબ શાન્તિ વ્યાપશે. (૭)
નિજ તેજનાં દર્શન થતાં, કંઈ નાદ અદ્‌ભૂત જાગતો;
રગ રગ અને રોમાંચમાં, અદ્‌ભૂત ઓજસ વ્યાપતો. (૮)

---

# ચલે નદીકા વહેણ.

રચનાર—ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી.

( ચલે પવનકી ચાલ-એ રાગમાં. )

ચલે નદીકા વહેણુ! જીવન! ચલે નદીકા વહેણુ!!
મધુર જીવનકે વહેતે પાણી! ભર ભર પીવો પ્રેમ!! જીવન ચલે૦ ૧
મેલ જગતકે ધોતી નદીયાં! દુઃખી જગતકે તેમ!! જીવન ચલે૦ ૨
આમ્રવૃક્ષ પથ્થર જીમ મારત! દીયે આમ્રફળ તેમ!! જીવન ચલે૦ ૩
જલતે ચંદન મ્હેકે ખુશબો! જીવો! જીવો બસ તેમ!! જીવન ચલે૦ ૪
દુઃખી જગતકે લુંછો આંસુડે! ભૂલી વૈરાટી ભાન!! જીવન ચલે૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કાવ્યથી મળતાં મહાન્ લાભો.

( ગતાંક પૃષ્ઠ ૧૭૪ થી શરૂ )

વિશ્વનાથ કાવ્યના ફળને જણાવતાં સાહિત્ય-દર્પણમાં જણાવે છે જે

**चतुवर्गफलप्राप्तिः सुखादल्पधियामपि ॥**
**काव्यादेव यतस्तेन, तत्स्वरूपं प्रदर्श्यते ॥**

'અલ્પ મતિવાળાને પણ સહેલાઇથી ચારે વર્ગરૂપ ફલની પ્રાપ્તિ કાવ્યથી જ થાય છે માટે તેનું સ્વરૂપ દેખાડાય છે.'

પ્રાચીન ગ્રન્થોમાં કાવ્યના ફળો માટે જે વિવેક જોવાય છે તેવો વિવેક અહિં મૂળમાં નથી. અહિં તો સામાન્યપણે ફળ જણાવ્યું છે ને તે પણ એકદમ વધારે પડતું જણાવાયું હોય એમ લાગે છે. આ શ્લોકની ટીકામાં કાવ્યથી ધર્મ–અર્થ–કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થ કઇ રીતે મળે તે દર્શાવતાં કહે છે કે–ભગવત્સ્તવન વગેરે કાવ્યથી નીતિ અને જાણવાપૂર્વક નીતિમાર્ગે અનુસરવાથી ધર્મ મળે છે. અર્થપ્રાપ્તિ તેને પ્રત્યક્ષ દેખાય છે, અર્થાત્ કાવ્ય બનાવીને શ્રીમંતો પાસેથી ધન મેળવવાનું વિશ્વનાથના સમયમાં સવિશેષ હશે એમ જણાય છે. અર્થ મળે એટલે કામ-પુરુષાર્થ સિદ્ધ થાય એ રીતે કામપ્રાપ્તિ કાવ્યથી સાક્ષાત્ નથી પણ પરમ્પરાએ છે. કાવ્યથી મોક્ષમાં પ્રવર્તક વચનો સારી રીતે સમજી શકાય છે ને તેથી મોક્ષપ્રાપ્તિમાં પણ કાવ્ય કારણભૂત બને છે.

આ ફલપ્રદર્શન વિશ્વનાથનું બહુ સુન્દર ન હોય તો પણ તેની કારિકાનું દ્વિતીય ચરણ ઘણું જ અગત્યનું છે. અલ્પ મતિવાળાને સહેલાઇથી ધર્મમાર્ગે જોડનાર કે તે તે ફળોને દેનાર કાવ્ય છે એ અવિતથ નથી. કાવ્ય સુકોમળ બુદ્ધિવાળાને માટે જ ઉપયોગી છે ને પીઢ મતિવાળા માટે નકામું છે એવો ભ્રમ એ વાકયથી ન થાય માટે ટીકામાં તેનો ખુલાસો કરતાં જણાવે છે કે 'સ્થિર બુદ્ધિવાળાને માટે વેદશાસ્ત્રો છે છતાં શામાટે કાવ્યમાં યત્ન કરવો જોઇએ ? એમ ન કહેવું. કડવી દવાથી શાન્ત પામતી વ્યાધિ શુદ્ધ સાકરથી શાન્ત થતો હોય તો કયો રોગી સ્વચ્છ સાકરમાં પ્રવૃત્તિ ન કરે ?' અર્થાત્ કરે જ. વિશ્વનાથનું આ કથન ઉપરની વાતને પોષણ આપવા પૂરતું છે. વાસ્તવિકતા તો એ છે કે–કડવી અને મીઠી દવામાં જો કડવી દવાથી રોગ શીઘ્ર શાન્ત થતો હોય ને દવા ખાવાની રોગીમાં શકિત હોય તો રોગી કડવી દવાને પ્રથમ પસંદગી આપે, પણ કડવી દવાથી કંટાળો આવતો હોય અથવા મીઠી દવા પણ કડવી દવા જેટલો જ ફાયદો કરે છે એમ સમજાયું હોય તો કડવી દવાને છોડી મીઠી દવામાં પ્રવૃત્તિ વિશેષ કરે એમ બને છે. કાવ્ય મીઠી દવા જેવું છે અને તેથી ધીરે ધીરે પણ લાભ થાય છે એમાં સર્વ સમ્મત છે.

કાવ્યના ફળ માટે આધુનિકોની વિચારણા આ પ્રમાણે છે. તેઓ કહે છે કે–કોઇ પણ પ્રવૃત્તિનું પ્રયોજન કે ફળ તે જ હોઇ શકે કે જે ઉદ્દેશ રાખીને તે પ્રવૃત્તિ કરાતી હોય. ખેડૂત ખેતી કરે છે. શામાટે ? ધાન્ય માટે; નહિં કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘાસ માટે. ખેતીનું ફળ ધાન્ય છે. સાથોસાથ ઘાસ નીપજે છે પણ તેથી ઘાસ એ ખેતીનું ફળ છે એમ ગણાવી શકાય નહિ. એ જ રીતે કાવ્યનું ફળ-પ્રયોજન શું હોઇ શકે? તેનો વિચાર કરવો જોઇએ. તેનો વિચાર ત્રણ રીતે કરાય છે. (૧) કાવ્ય કરનાર કવિને ફળ શું? (૨) કાવ્યમાં જે નાયકનું ચરિત્ર વર્ણવવામાં આવેલ છે તેને શું ફળ? (૩) કાવ્યના વાચકને ફળ શું?

## (૧) કાવ્યથી કવિને મળતો લાભ—

ઉત્તમ કાવ્ય બનાવનાર કવિ કાંઇ સાધારણ માનસ ધરાવતો નથી. તેની ભાવનાઓ, વિચારો, આકાઙ્ક્ષાઓ ઉદાત્ત હોય છે. કાળબળે-કુસંસર્ગોથી જનતામાં ખરાબ સંસ્કારો, મલિન આચારવિચારો જોઇ તેનું દિલ દાઝે છે. તેનું હૃદય જળી ઉઠે છે. જનપદની તે મલિનતા ધોઇ નાખવા માટે મહાન્ કવિ કાવ્યના ઝરાને વહેતો મૂકી દે છે. એને લાગે છે કે ધર્મના ઉપદેશો લોકો સાક્ષાત્ ગ્રહણ કરતા નથી, તાત્ત્વિક શ્રવણ-તપ-જપમાં પ્રવૃત્તિ વગેરેમાં જનતા અરુચિ દર્શાવે છે એટલે તાત્ત્વિક વિષયોને-ધાર્મિક આચારોની પ્રવૃત્તિઓને કવિ રસિક ભાષમાં ગુંથી સુન્દર કથાના વ્યાજે-બ્હાને જનતા સમક્ષ રજૂ કરે છે. જનતા તેમાં રહેલ રસના લોભે હોંશે હોંશે તેને વાંચે છે ને સુધરે છે.

આવી ઉદાર ભાવનાથી રચાયેલ કાવ્યનું ફળ તેના કરનાર કવિને અશુભ કર્મનો નાશ અને મહાન્ શુભ સુકૃતનો લાભ એ જ હોઇ શકે. ધાન્ય જેવું ફળ એ જ છે. બાકીના ગણાવાતાં ફળો ઘાસ જેવા છે. તે ફળો મળે તો પણ ઠીક અને ન મળે તો પણ ઠીક; તેની સાથે વિશાળ ભાવનાવાળા કવિને કંઇપણ નિસ્બત હોતી નથી.

સંયોગવશ કોઇ કોઇ કવિએ ધન મેળવવા માટે તે તે રાજાની સૂક્તોદ્વારા પ્રશંસા કરીને અર્થ સાધ્યો હોય તેથી તે સૂક્તોને કાવ્ય તરીકે ઓળખાવવા અને તે ધનને તેના ફળ તરીકે ગણાવવું એ કાવ્યનું અને તેના ફળનું મૂલ્ય ઘટાડવા જેવું છે. કાળચક્રમાં લાખો ને કરોડો કવિઓ થઇ ગયા. ક્યાં સર્વેની કીર્તિ રહી છે? શ્રી સિદ્ધસેન દિવાકર કે શ્રી હેમચન્દ્રસૂરિજી, વ્યાસ, વાલ્મિકી, કાલિદાસ, ભારવી કે માઘ એવા અમુક અમુકની અમુક મર્યાદિત ક્ષેત્રમાં યશઃકીર્તિ પ્રસરી એટલે કાવ્યથી કવિ માત્રને યશઃરૂપ ફળ મળે છે એમ માની શકાય નહિં. જેના નામ પણ જનતા જાણતી નથી એવા કેટલાએક અદ્ભુત કવિયો જે કાવ્ય લખી ગયા છે તેનું ફળ શું? શું તેઓએ કરેલા કાવ્યોને કીર્તિને જ ફળ માનનારા અફળ કહેશે? એમ જો કહેવામાં કે માનવામાં આવે તો કાવ્યની પ્રવૃત્તિ રુંધાય માટે એમ માની શકાય જ નહિ. વળી કેટલાએ એવા નિઃસ્પૃહ કવિઓ હોય છે કે જેઓ સુંદર કાવ્ય બનાવીને પોતાનું નામ પણ જણાવતા નથી. જેની જેને ઇચ્છા જ નથી તેનું ફળ તે ન માનવું એ જ ઠીક છે, પરન્તુ ખેતીમાં જેમ ઘાસ થાય છે તેમ કાવ્યથી કીર્તિ એ આનુષંગિક મળે છે એમ માનવું વિશેષ ઉચિત છે; માટે એક ખૂણામાં બેસીને પણ જનતા દુષ્ટ માર્ગેથી પાછી વળી સત્પથે પ્રવર્તો એવી ઉદાત્ત ભાવનાથી રચાયેલ કૃતિઓની સુવાસના ઉત્પાદકને **પાપપ્રણાશને પુણ્યપ્રાપ્તિ** એ જ પ્રધાન ફળ મળે એ યુક્ત છે.

## (૨) કાવ્યના નાયકને કાવ્યથી મળતું ફળ—

મુખ્યત્વે કરીને કાવ્યમાં કોઇ એક પ્રધાન નાયક હોય છે. મોટે ભાગે તે નાયક વાસ્તવિક હોય છે. કાલ્પનિક તો ક્વચિત્ જ જોવામાં આવે છે. જેની નાયક તરીકે પસંદગી કરવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી હોય છે તેમાં ઘણું ખરું સારા સારા ગુણો નિરૂપ્યા હોય છે. એટલે તે તે નાયકો પ્રત્યે વાચકોની સહાનુભૂતિ–પ્રેમ–દિલસોજી સ્વાભાવિક રહે છે. એ કારણે કાવ્યથી કાવ્યમાં ગુંથાયેલ નાયકને ઉજ્જવળ યશની પ્રાપ્તિ એ ફળ છે. જે જે પાત્રોનું જેવું જેવું નિરૂપણ કવિએ કાવ્યમાં કર્યું હોય તેવો તેવો યશ વા અપયશ તે તે પાત્રોને મળે છે. જનતા રામને પ્રશંસે છે. યુધિષ્ઠિરને વખાણે છે. નળના અને હરિશ્ચન્દ્રના દુઃખે દુઃખી થાય છે અને રાવણને ધિક્કારે છે, દુર્યોધનને નિન્દે છે. વગેરેમાં તે તે પાત્રોના કર્તવ્યો કરતાં કવિઓની કલમે–કાવ્યે વિશેષ ભાગ ભજવ્યો છે. રામ કરતાં વિશેષ ન્યાયી અને રાવણ કરતાં વધારે દુષ્ટ ઘણાં રાજાઓ થઇ ગયા છે; છતાં તે બધા કવિની કલમના ઝપાટે નહિં ચડેલા હોવાથી યશ–અપયશના ભાગી થયા નથી. જનતાના વર્ણવાદ વા અવર્ણવાદથી બચી ગયા છે, માટે કાવ્યમાં વર્ણવાયેલ નાયકને તેના વર્ણન યોગ્ય યશ અથવા અપયશનો લાભ મળે છે.

## ( ૩ ) કાવ્યના વાચકને કાવ્યથી મળતો લાભ—

કાવ્યને રચનાર કવિ અમુક જ હોય છે. તેમાં ગુંથાયેલ નાયક પણ અમુક અમુક જ હોય છે પરંતુ તેના વાચક અમુક જ હોય છે એવું કંઇ નથી. અમુક કાવ્ય કેટલાએ વાંચ્યું અને કેટલા વાંચશે એ કંઈ કહી શકાય નહિં. કોઇ કોઇ કાવ્યના વાચકો તો ગણનાતીત પણ હોઈ શકે એટલે વાચકોને તે તે કાવ્યના વાચનથી શું શું લાભ મળે છે તે નિશ્ચિતપણે કહી શકાય નહિં, છતાં કાવ્યના વાચકો તેના વાચનમાં મુખ્યત્વે આનન્દ મેળવવા માટે પ્રવૃત્તિ કરે છે એટલે વાચકને કાવ્યથી મળતું પ્રધાનફળ આનન્દ છે. બીજા ફળો તરીકે ગણાવી શકાય તેવા ફળો આ છે. તે તે કાવ્ય વાંચવાથી પોતાના જીવનમાં સદ્ગુણ પ્રત્યે પ્રેમ, દુર્ગુણ પ્રત્યે ઘૃણા, ઉત્તમ–સંસ્કારોની ખીલવણી, કાવ્યમાં આવતાં તે તે નાયકોના જીવનનું જ્ઞાન, જુદા જુદા વ્યવહારોનો ખ્યાલ, ભિન્ન ભિન્ન નીતિઓનો પરિચય વગેરે, કેટલીક વખત વાચક પોતાને સાહિત્યનો શોખીન–કાવ્ય–રસિક માનતો પોતાની આન્તરિક વાસનાઓને ઉત્તેજવા માટે કાવ્યના–દુષ્ટ કાવ્યના એવા એવા નકામા વિભાગો કે જે કવિઓએ કે તેના રચનારાઓએ જનતાની ચિત્તવૃત્તિ આકર્ષવા માટે જ યોજ્યા હોય છે તે જ ભાગોને વાંચે છે. હાલમાં આવા વાચકોની વિપુલતા વિશેષ જોવામાં આવે છે ને તે જ કારણે શિષ્ટ સાહિત્ય પ્રમાણમાં અતિશય અલ્પ ઉત્પન્ન થાય છે. અર્થૈક–દૃષ્ટિલેખકો લોકમતના પ્રવાહમાં તણાયે જ જાય છે. કેટલાએક લેખકોએ તો આવી કાલ્પનિક વાતોમાંથી આગળ વધી ઇતિહાસપ્રસિદ્ધ શિષ્ટ પુરુષોની વાતો આલેખતાં તે તે પ્રકારના પોતાની માનસિક સ્થિતિ પ્રમાણેના મલિન પ્રતિબિમ્બો શ્યામ લેખિનીથી આલેખી ઇતિહાસને વગોવ્યો છે એટલું જ નહિં પણ જનતાને ઉન્માર્ગે દોરી મહાદુષ્કૃત ઉપાર્જન કરેલ છે. લેખકે પોતાની કલમ ઉપર એટલો સંયમ જરૂર કેળવવો જોઇએ કે ભલે સારી વાતો જનતા સમક્ષ ઓછી રજૂ કરાય પણ લોકોનું અધઃપતન થાય એવા પ્રસંગો ને સ્વાર્થને જતો કરીને પણ ચિતરવા ન જોઈએ. તે તે જાતિના વિકારવર્ધક વાચનથી વાચકને એકન્દર ગેરલાભ ને હાનિ જ થાય છે, માટે કાવ્યથી લાભ મેળવવાના અભિલાષક વાચકે સારા કાવ્યના વાચનમાં પ્રવૃત્તિ કરવી ને તેથી વિશુદ્ધ આનન્દ અને વિશિષ્ટ ગુણો ખીલવવા. રસજનક સાહિત્ય એ રસસાગરના તરઙ્ગો છે ને વિકારવર્ધક લેખન એ તેનું વિષ છે. રસ–સાગરની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંક્ષિપ્ત બોધવચનમાલા

લેખક-આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી.

( ગતાંક પૃષ્ઠ ૧૬ થી શરૂ. )

૬૩. સોનીને સોનાના રજકણની કીંમત હોય છે, તેથી સોના ગાળવાની કુલડીનો ભુકો કરીને તેમાંથી ચોંટેલા સોનાના રજકણને મેળવે છે. માનવ જીવનના દરેક ક્ષણની કીંમત સોનાના રજકણથી પણ વધારે ગણવી કારણ કે કરોડો રત્નો બદલામાં દઈએ તો પણ ગયો સમય પાછો લાવી આપનાર કોઇ છે જ નહિ. કહ્યું છે કે **दुर्लभो रत्नकोटया हि क्षणोऽपि मनुजायुषः ॥** આ વાતને લક્ષ્યમાં રાખીને છેવટે સોનાના વલણ( પ્રવૃત્તિ )ને જોઇને પણ ભવ્ય જીવોએ માનવ જિંદગીના એક પણ ક્ષણને નકામો ન જવા દેવો. ધર્મારાધન કરીને સફલ કરવો.

૬૪. એક માણુસ જંગલમાં ચાલ્યો જાય છે. તેને તરસ લાગી ત્યારે તેણે એક કૂવા પાસે આવી દોરડીના ગાળાવાળા લોટાને કૂવામાં નાંખ્યો. જ્યાંસુધી દોરડીનો છેડો તેના હાથમાં છે ત્યાંસુધી પાણી કાઢનાર તે મુસાફરને આશા છે કે લોટો બ્હાર આવશે ત્યારે હું પાણી પીને તરસ છીપાવીશ. આ દૃષ્ટાંતની ઘટના આ પ્રમાણે જાણવી. કૂવા જેવો સંસાર ને લોટા જેવો સંસારી જીવ જાણવો. દોરડીના જેવી જીવનદોરી જાણવી. જેઓની ઘણી જિંદગી ધર્મારાધન કર્યા વગર ચાલી ગઇ તેવા જીવો પણ જો જિંદગીનો છેવટનો ભાગ ધર્મારાધન કરી સફલ કરે તો જરૂર સંસારરૂપી કૂવામાંથી પોતાના આત્મા-( રૂપી લોટા )ને બહાર કાઢી શકે છે એટલે છેલ્લી અવસ્થામાં પણ સંયમને પામેલા જીવો જરૂર વૈમાનિક દેવની ઋદ્ધિને પામે છે. કહ્યું છે કે-" **पच्छाविते पयाया खिप्पं गच्छंति अमरभवणाइं ।** "

૬૫. જેમ એક પૈડાથી રથ ન ચાલે તેમ આત્મિક જીવનરૂપી રથ એકલા જ્ઞાનરૂપી પૈડાથી ન ચાલી શકે, તેને ચલાવવા માટે ઉત્તમ જ્ઞાન-ક્રિયારૂપી બે પૈડાની ખાસ જરૂરિયાત છે. બન્નેની આરાધના કરવાથી મોક્ષમાર્ગ મળી શકે.

૬૬. ગુરુકુલવાસમાં રહેવાથી મુખ્યપણે બે લાભ થાય છે. ૧ ઉત્તમ જ્ઞાનનો લાભ ( ૨ ) મેળવેલા દર્શનજ્ઞાનચારિત્રમાં સ્થિરતા. કહ્યું છે કે-**नाणस्स होइ भागी थिरयरओ नाणदंसणचरित्ते । धण्णा जाव कहंजे गुरुकुलवासं न मुंचंति ॥ १ ॥**

૬૭. નિજ ગુણ રમણતારૂપ ભાવ ચારિત્રને લઇને જ દ્રવ્ય ચારિત્રની કીંમત ગણાય. કદાચને કોઇ વિશિષ્ટ જીવને ઉદ્દેશી દ્રવ્ય ચારિત્ર વિના મુક્તિ થાય પણ ભાવ ચારિત્ર વિના થાય જ નહિ.

---

લહરી સમા સાહિત્યથી પ્રસન્નતા પ્રાપ્ત થશે. ભાગ્યયોગે તે તરઙ્ગોમાં ખેંચાઇ આવેલ દિવ્ય રત્ન પણ સાંપડશે પણ વિષ તુલ્ય વાચનથી મદ ચઢી મૂર્ચ્છિત થવા સિવાય અન્ય કંઇ લાભ નહિ થાય. કાવ્ય-અમૃત-ના આસ્વાદથી કવિ, કાવ્યના નાયકો અને વાચકો અજર અમર અને અખંડ બનો. આખર એ અમૃત તેઓને અમૃતપદ પ્રાપ્ત કરાવો એ જ આશા.

મુનિરાજશ્રી ધુરન્ધરવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬૮. સાધુપણામાં કે શ્રાવકપણામાં જે સહનશીલ હોય તે જ ટકી શકે, બીજા નહિ, ને જે નમ્રભાવે વર્ત્તે તે બધાને ગમે. કહ્યું છે કે–સહે તે રહે, ને નમે તે ગમે.

૬૯. વિનય :ગુણથી શત્રુ પણ સ્વાધીન જરૂર થાય, માટે જ કહ્યું છે કે–વિનય વૈરીને વશ કરે.

૭૦. દુનિયામાં જે જન્મ પામ્યો, તે જરૂર મરણ પામે જ છે; પણ મરવામાં ફેર એટલો જ કે કેટલાએક પાપી જીવો અંતિમ સમયે અસમાધિ આદિ કારણને લઇને રીબાઇ રીબાઇને મરણ પામે છે ને કેટલાએક ધર્મી જીવો હસતાં હસતાં સમાધિ મરણ પામે, ત્યારે લોકો તેના ગુણને યાદ કરીને વારંવાર રૂદન કરે છે. આ સમાધિ મરણ જ ઉત્તમ ગણાય. આ પ્રસંગે એક દૂહો યાદ રાખવા જેવો છે. તે આ.

"જબ તું આયો જગતમેં લોક હસત તું રોય;
કરણી એસી અબ કરો, તું હસે જગ રોય."

૭૧. ધર્મવીર પુરુષોની એ ભાવના હોય છે કે–આ મારી રાજ્યલક્ષ્મી ભલે ચાલી જાય અથવા શરીર ઉપર તરવારના ઘા પડે, કે યમરાજ મસ્તક લઇ જાય, તો પણ મારી બુદ્ધિ ધર્મથી લગાર પણ ચલાયમાન ન જ થાય. કહ્યું છે કે–**सपदि विलयमेतु राजलक्ष्मी रुपरिपतन्त्वथवा कृपाणधाराः ॥ अपहरतुतरां शिरः कृतांतो मम तु मतिर्न मनागपैतु धर्मात् ॥१॥**

૭૨. ૧ હે પૂજ્ય કૃપા કરીને મને લાભ આપો, ને તારો–આ રીતે મીઠી વાણી બોલીને સુપાત્ર દાન દેવું. ૨ અભિમાન વિનાનું જ્ઞાન. ૩ ક્ષમાવાળું બલ–પરાક્રમ. ૪ જેમાંથી દાન હોંશથી દેવાય, તેવું ધન આ–ચાર કલ્યાણકારી પદાર્થો મહા દુર્લભ છે. કહ્યું છે કે–**दानं प्रियवाक् सहितं ज्ञानमगर्वं क्षमान्वितं शौर्यं ॥ त्याग सहितं चवित्तं दुर्लभमेतच्चतुर्भद्रम् ॥१॥**

૭૩. ૧ જ્ઞાની છતાં વિનયી. ૨ સુંદર આકૃતિવાળો છતાં સુશીલ. ૩ અધિકારી છતાં ન્યાયી. ૪ ધનાઢ્ય છતાં દાનેશ્વરી ૫ સમર્થ છતાં ક્ષમાવંત આ પાંચ ઉત્તમ કલ્પવૃક્ષો જાણવા. કહ્યું છે કે–**ज्ञानी विनतः सुभगः सुशीलः । प्रभुत्ववान्न्यायपथि प्रवृत्तः ॥ दानी धनाढ्यः प्रशमी समर्थः । पञ्चाऽप्यमी बन्धुर कल्पवृक्षाः ॥ १ ॥**

૭૪. ૧ ખરાબ કામની શરૂઆત. ૨. સગાંઓમાં વિરોધ. ૩ બલવાનની સાથે સ્પર્ધા કરવી. ૪ સ્ત્રીજાતિનો–વિશ્વાસ આ ચાર વાનાં વગર મોતે મારનારા છે.

૭૫. જે જ્ઞાનનો અવસરે ઉપયોગ ન થાય તે શા કામનું ? કહ્યું છે કે–જાણ્યું જાણ્યું શું કરે, જાણપણામાં પડી ધૂળ ॥ શેઠાણી કહે શેઠને, ચોર ધન લઇ ગયા દૂર ॥૧॥

૭૬. નિર્મળ સંયમી મહાપુરુષોને બની શકે તો મદદ કરવી. તેમના ગુણની પ્રશંસા કરવી, ભક્તિ કરવી, પણ નિંદા તો કરવી જ નહિ; કારણ કે નિંદાથી ચીકણાં કર્મો બંધાય જેથી રોગાદિની ભયંકર પીડા ભોગવતાં ઘણાં જન્મમરણ કરવા પડે. એક દિવસનું પણ સંયમ જેમને દુર્લભ છે તેઓ સંયમી જીવોની નિંદા ન કરે પણ અનુમોદના જ કરે.

૭૭. ઉપદેશકે આ શ્રોતાઓ કેવા છે? તેમની રૂચિ કેવી છે? ક્ષેત્ર કેવું? હાલ કાળ કેવો વર્ત્તે છે? ભાવ કેવો છે? આ ચાર બાબતની સૂક્ષ્મ દૃષ્ટિથી તપાસ કર્યા બાદ ઉપદેશ દેવો જોઇએ. શ્રોતાઓની પરીક્ષા ન કરે. ને ઉપદેશ દેવા માંડે તો ભેંસ આગળ ભાગવત વાંચ્યા જેવું થાય. એક પંડિતે મૂર્ખ પ્રદેશમાં જઇને ઘાંટા પાડીને વગર વિચારે ઉપદેશ આપ્યો તેનું ફલ તેને એ મળ્યું કે–શરીર ઉપર દામની વેદના સહન કરવી પડી. ત્યાંથી નીકળતાં તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક દુહો બોલ્યો કે-જ્ઞાનીનો ગુરુ અજ્ઞાનીનો દાસ ।। એમ કરતાં લકૂી ઉપાડે, તો મુખે ઉગાડું ઘાસ ।।૧।।

૭૮. જેમ વેપારી દરરોજ પેદાશનો મેળ કાઢે, તેમ આપણે પણ પુણ્ય પાપની પેદાશનો મેળ જરૂર કાઢીએ તો પાપ ઘટે. ને પુણ્ય વધે. ધાર્મિક કાર્યો વધારે કરવાની તીવ્ર બુદ્ધિ જાગે.

( ચાલુ )

# જગદ્ગુરુ વિજયહીરસૂરીશ્વરજી.

( ભારતકા ડંકા આલમ મેં એ-રાગ )

હીરક સમ જૈન નભે શોભ્યા, શ્રી વિજયહીરસૂરીશ્વરજી;
ભાવિકોએ અંતરથી પરખ્યા, શ્રી વિજયહીરસૂરીશ્વરજી. ( ૧ )

પ્રતિબોધી અકબરને સૂરિએ, શુભ મંત્ર અહિંસાનાં દીધા;
સમ્રાટે સુંદર કાર્ય કીધાં, એ વિજયહીરસૂરીશ્વરજી. ( ૨ )

જજિયા નામે કર દૂર કરાવ્યો, વગડાવ્યો પટહ અમારિ તણો;
ઉત્તમ ગુણધારી જગદ્ ગુરુ, શ્રી વિજયહીરસૂરીશ્વરજી. ( ૩ )

અતિ લઘુ વયમાં દીક્ષા પામ્યાં, શાસ્ત્રો વાંચી પાંડિત્ય વર્યા;
ઉપદેશે માનવ ચિત્ત હર્યાં, શ્રી વિજયહીરસૂરીશ્વરજી. ( ૪ )

શુભ પંચ મહાવ્રતધારી જે, ભવિજનકેરા ઉપકારી તે;
આત્માનન્દી ગુણના સાગર, શ્રી વિજયહીરસૂરીશ્વરજી. ( ૫ )

અમૃત સમ વાણીને સુણતાં, માનવગણ ભાવે મુગ્ધ બનતાં;
જિન ધર્મ પતાકા ફરકાવી, શ્રી વિજયહીરસૂરીશ્વરજી. ( ૬ )

કરી અજિત કાર્ય જે અમર થયાં, તે અજિત ધામ અધિકારી બન્યા;
હેમેન્દ્ર ઉરે જ સ્થિર વસ્યા, શ્રી વિજયહીરસૂરીશ્વરજી. ( ૭ )

**મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વૈરાગ્યમય વિવિધ વિચારો.

મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ–અમદાવાદ.

અહો પ્રભુ ! એવી દશા અહોનિશ કયારે જાગૃત થશે ? કે તારા ગુણનો અસ્ખલિત પ્રેમ ઉત્પન્ન થાય ? તારા પ્રત્યે અત્યંત ભકિત પેદા થાય ? કે જેના પસાયથી આ દુનિયા ઉપરનો રાગ ઓછો થાય ? તારા વચનો ઉપર પૂર્ણ શ્રદ્ધા કયારે થશે ? કે તારી આજ્ઞા હું ફૂલની માળાની પેઠે મસ્તક પર ધરૂં. તારી ક્ષમા, તારી શાંતિ, તારૂં જ્ઞાન, તારૂં ધ્યાન, તારૂં યથાર્થ વાદીપણું, તારી અપૂર્વ પરોપકાર બુદ્ધિ અને તારી અત્યંત સહનશીલતા જોઇ મારા આત્મ પ્રદેશમાં તું કયારે વસીશ ? પર પુદ્ગલ પર ઉદાસીન વૃત્તિ કયારે ઉત્પન્ન થશે ? કે જેથી હું મારા સ્વરૂપમાં જ રમું.

× × ×

આત્મા એજ દેવ, આત્મા એજ ગુરૂ, આત્મા એજ ધર્મ, આત્મા એજ સુખ, આત્મા એજ મોક્ષ, આત્મા એજ અખંડ આનંદ, આત્મા એજ પરમાત્મા છે, એમ યથાર્થ કયારે જાણવામાં આવશે ?

× × ×

હે પ્રભુ ! આ ભાવનાઓ, આ મનોરથો ને આ વિચારો કયારે પૂર્ણ થશે ને મનુષ્યભવનું સાર્થકપણું કયારે થશે? નવતત્વમાંથી બે જાણી ચાર છાંડી અને ત્રણને ગ્રહણ કરવા કયારે યત્ન કરીશ ? હું હમણાં સંવરમાં છું કે આશ્રવમાં ? હું હમણાં નિર્જરા કરૂં છું કે નહિ ? હું હમણા આશ્રવનો ત્યાગ કરૂં છું કે નહિ ? હું હમણાં અનિત્ય, અશરણાદિ ભાવનાનું ચિંતવન કરૂં છું કે નહિ ? એમ વારંવાર મને કયારે ભાન થશે ? હું કોણ છું ? હું કયાંથી થયો ? મારૂં સત્ય સ્વરૂપ શું છે ? હું કયાંથી આવ્યો ને કયાં જઇશ ? મારૂં શું થાશે ? આ શરીર શું છે ? આ દુનિયા શું છે ? આ કુટુંબ કોણ છે ? ને મારો આ સર્વ સાથે સંબંધ કેમ થયો ? એ સંબંધ સત્ય છે કે અસત્ય ? એ ત્યજું કે રાખું ? આવા ઉત્તમ વિચારો વિવેકપૂર્વક અને શાંત ભાવે કયારે કરીશ ? આધ્યાત્મિક જ્ઞાનના તાત્વિક સિદ્ધાંતનો અનુભવ કયારે કરીશ ? ને કર્મનો સત્વર નાશ કયારે કરીશ ?

× × ×

આત્મ સ્વરૂપમાં રમણ કરવાથી પરભાવની પ્રવૃત્તિ ત્યાગવાથી ચારિત્ર આત્મસ્વરૂપને જાણવારૂપ જ્ઞાન પોતાના અસંખ્યેય પ્રદેશોમાં વ્યાપીને રહેનાર હોવાથી સહજ સ્વરૂપ જ્ઞાનાદિ અનંત પર્યાયવાળો હું છું. અન્ય નથી એવો નિર્ધાર તે દર્શન એમ આત્મજ્ઞાન, દર્શનરૂપ બે ભેદ ઉપયોગ ગુણના લક્ષણથી ઓળખાય છે. ભાષ્યમાં એમ કહ્યું છું. આત્માની બે ગુણરૂપે જ વ્યાખ્યા કરે છે તેમના મત પ્રમાણે જ્ઞાનમાં સ્થિરતા તેજ ચારિત્ર ગણ્યું છે. તેથી જ્ઞાન અને ચારિત્રનો અભેદ જ છે. જ્ઞાન જ આત્મ પરિણામમય વૃત્તિરૂપે સમ્યક્ત્વ છે. આસ્રવ નિરોધરૂપ તત્વજ્ઞાનમાં એકતા તે ચારિત્ર છે એમ પ્રવૃત્તિના ભેદે જ્ઞાનની જ ત્રણ અવસ્થાઓ છે. તેમજ પ્રથમ ક્રિયાનયથી સાધ્ય છે અને તત્ત્વ (આત્મા) પ્રગટે ત્યારે સર્વ જ્ઞાનનયથી સાધ્ય છે. ખરી રીતે જ્ઞાનમાં પ્રવૃત્તિ તેજ ચારિત્ર છે કારણ કે જ્ઞાનમય સેવા આત્મધર્મ છે, તેથી જ્ઞાનસ્વરૂપજ આત્મા છે.

અપૂર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાનસારના બત્રીશ અષ્ટકનો સંક્ષિપ્ત સાર.

લે૦ પુણ્યવિજયજી સંવિજ્ઞપાક્ષિક.

( ગતાંક પૃષ્ઠ ૧૪ થી શરૂ )

૧૧ **નિર્લેપ**—પુદ્ગલભાવનો હું કર્ત્તા નથી, કરાવનાર નથી અને તદ્ગુણ અનુયાયી નથી. આવા જ્ઞાનવાળો આત્મા લેપાતો નથી. તપ અને શ્રુતજ્ઞાનાદિએ મત્ત એવો ક્રિયાવાન્ આત્મા પણ લેપાય છે, પરંતુ ભાવના જ્ઞાને કરીને પૂર્ણ એવો ક્રિયા રહિત લેપાતો નથી. મોટા દોષની નિવૃત્તિ ક્રિયાના બળથી જ થાય છે, અને સૂક્ષ્મ દોષની નિવૃત્તિ જ્ઞાનના બળથી જ થાય છે. દેશવિરતિ, સર્વવિરતિને તે સ્થાનની કરણીની મુખ્યતા છે પરંતુ સાતમા, આઠમા, નવમા ગુણસ્થાને વર્તતા જીવને જ્ઞાનની મુખ્યતા છે.

૧૨ **નિઃસ્પૃહ**—સ્પૃહાવાન્ મુનિ તૃણ અથવા રૂની જેમ હલકો દેખાય છે અને ભવસમુદ્રમાં ડૂબે છે, તેમાં કાંઇ આશ્ચર્ય નથી. પરસ્પૃહા એ જ મહાદુઃખ અને નિઃસ્પૃહત્વ એ જ સુખ છે.

૧૩ **મૌનવાન્**—( પુદ્ગલને વિષે અપ્રવૃત્તિ એ જ મૌન ) સમ્યક્ત્વ તે જ મૌન અને મૌન તે જ સમ્યક્ત્વ છે. શુદ્ધ શ્રદ્ધાએ નિરધાર કરેલ આત્મસ્વભાવની ઉપાદેયતાને વિષે જ ઉપયોગ-પરિણતિનું અવસ્થાન તે જ સમ્યક્ત્વ છે, અને સમ્યગ્દર્શને કરીને હેયોપાદેયતા વિભક્ત કરી ઉપાદેયને વિષે રમણ સ્વભાવ એ જ મૌન છે. એ બન્નેનું ઐકય છે. આત્મા આત્માએ કરીને આત્માને વિષે શુદ્ધતા જાણે છે, માટે મુનિની જ્ઞાન અવસ્થા રત્નત્રયીમાં—જ્ઞાન–દર્શન અને ચારિત્રની એકતા કરે છે, આત્માના જ્ઞાનમાં રમણ કરનાર જે પુરુષની ક્રિયા જ્ઞાનમયી છે તેનું મૌન સર્વોત્તમ છે. જેમ વિપરીતગ્રાહી મણિનું જ્ઞાન અને મણિની શ્રદ્ધા શુદ્ધ મણિમાં પ્રવૃત્તિ કરતું નથી, તેમજ જે જ્ઞાન અને શ્રદ્ધાથી શુદ્ધ આત્મસ્વભાવને વિષે આચરણ થતું નથી અથવા દોષનિવૃત્તિ થતી નથી, તે જ્ઞાન નથી અને તે દર્શન નથી. પ્રદીપની સર્વ ક્રિયા પ્રકાશ શક્તિવાળી છે તેમ આત્મસ્વરૂપથી ભિન્ન જેના પરિણામ નથી એવા અનન્ય સ્વભાવવાળાની સર્વ ક્રિયા જ્ઞાનમય છે, તેનું મૌન સર્વોત્તમ છે.

૧૪ **વિદ્યાવાન્**—તત્ત્વને વિષે જે બુદ્ધિ તેને યોગાચાર્યોએ વિદ્યા કહી છે. આત્મા પરિણામી નિત્ય છે. પરસંગ—પુદ્ગલસંગ અનિત્ય એમ જે જાણે છે તે વિદ્યાવાન્ જાણવો. સમતાના કુંડમાં સ્નાન કરીને અને કર્મમળને દૂર કરીને જે મલિનતાને પામતો નથી તે અંતરાત્મા ઉત્કૃષ્ટ પવિત્ર છે. હું અને મારાપણાની બુદ્ધિ તે અવિદ્યા છે. સર્વદા ક્ષીર–નીરની જેમ એકરૂપ થઇ રહેલા કર્મ અને જીવને જે વિભિન્ન કરે છે, જડ–ચેતન લક્ષણથી તેની વ્યવસ્થા કરીને પૃથક્ કરે છે તે ભેદજ્ઞાની મુનિરાજ વિદ્યાવાન્ છે.

૧૫ **વિવેકવાન્**—આત્મા આત્માને આત્માએ કરીને આત્માને માટે આત્માથી આત્માને વિષે જાણે તે છ કારક છે. સંસારમાં શરીર, આત્મા અને આદિ શબ્દથી વચન, ચિત્ત, ચૈતન્યાદિનો અવિવેક–અભેદ એ સદા સુલભ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# समयं मा पमाए । બેદરકારીનો ભોગ.

બંધુઓ ! અચાનક ઉદ્ભવેલા વિચારથી આપણુ સર્વે અહીં આવી ચઢ્યા, છતાં અહીંનો સિંહનિષદ્યા પ્રાસાદ નિરખી સાચે જ આપણો આત્મા અપૂર્વ આહ્લાદ અનુભવે છે. આપણા પૂર્વજ ચક્રવર્ત્તી મહારાજ ભરતે ચાલુ અવસર્પિણીકાળના ચોવીશે તીર્થપતિની અહીં સ્થાપના કરી, આ પ્રદેશના વાતાવરણમાં અનોખી પવિત્રતાનું સિંચન કર્યું છે. એ ઉપરાંત શ્રી યુગાદિ જિનેશ સાથે નિર્વાણ પામનાર આત્માઓની સ્મૃતિમાં જે સ્તૂપના સર્જન કર્યાં છે એ સુવર્ણમાં સુગંધનો મેળ મળ્યા જેવું કહેવાય. આ પૂનિતધામમાં આપણે પગ મૂકયા પછી, આપણી ચોતરફ કેવલ આધ્યાત્મિક ભાવોના જ આંદોલનો ઉભરાયા છે. સમય કયાં વીતે છે એ ભક્તિના ઉલ્લાસમાં સમજાતું પણ નથી ! અહીંથી પાછા ફરવા મન માનતું નથી, છતાં પિતાશ્રી તરફથી સંદેશો આવ્યો છે કે– આપણુ સર્વેએ સત્વર પાછા ફરવું.

સાઠ હજાર બંધવોની માતાઓ જુદી હોવા છતાં, પરસ્પરમાં સ્નેહની ગાંઠ એવી તો નિબિડ હતી કે સૌ વડિલની આજ્ઞા શીરોધાર્ય કરતા. જયેષ્ઠભ્રાતાનું કથન સાંભળી, તરત જ સૌ એકી અવાજે બોલી ઉઠ્યા.

વડિલ ભાઇ, આપ જે નિર્ણય કરો તે અમારે કબૂલ છે. અષ્ટાપદ પર્વત પર હજુ સ્થિરતા કરવી હોય તો અમારી ના નથી, અને અયોધ્યા પ્રતિ કૂચ કરવી હોય તો અમો તૈયાર જ છીએ.

યાત્રા તો આપણે સારી રીતે કરી લીધી છે. પિતાશ્રીનો પત્ર એટલે એનો અમલ તો કરવો જ ઘટે. મનમાં એક જ વસવસો રહે છે કે આવા રત્ન–મણિમય પ્રાસાદનું રક્ષણ બરાબર થાય તેવો પ્રબંધ જણાતો નથી ! પહાડના આઠ પગલા વટાવ્યા કે પ્રાસાદ સામે આવી ખડા થવાય. કાળ વિષમ આવી રહ્યો છે. અહીં આવનાર આત્માઓ કેવલ ભાવુક અને ભક્તિ-

---

તે દેહાત્માદિનું ભેદ પરિજ્ઞાન–આત્માની એકતાનો નિશ્ચય કોટિ જન્મોવડે દુર્લભ છે. સંસારમાં બધાય ભવસ્થ જીવો શરીર અને આત્માની અભેદવાસનાથી વાસિત જ છે. ભેદજ્ઞાની કોઇક જ હોય છે, એવા ભેદજ્ઞાની તે જ વિવેકવાન્ કહેવાય છે.

**૧૬ માધ્યસ્થ**—સ્વપક્ષમાં સત્ય અને પર પક્ષમાં નિષ્ફળ એવા નયોમાં જેનું મન તુલ્ય સ્વભાવવાળું છે, તે મહામુનિને માધ્યસ્થ જાણવા. તે અપક્ષપાતપણાએ કરીને તત્ત્વની પરીક્ષા કરનાર છે એમ સમજવું, પરંતુ એક નયપક્ષી મધ્યસ્થ થઇ શકે નહિ. સર્વ પ્રાણીઓ પોતાના કર્મકૃત આવેશવાળા છે, અને પોતાના કર્મ ભોગવે છે તેમની પ્રત્યે મધ્યસ્થ પુરુષ રાગદ્વેષ નહિ ધરતાં સમવૃત્તિથી રહે છે. પરચિંતા રાગાદિનો હેતુ છે અને આત્મચિંતા પરમસુખ આપનાર છે. મધ્યસ્થ પુરુષનો મનરૂપી વાછડો યુક્તિરૂપી ગાયની પાછળ જાય છે, જ્યારે કદાગ્રહીનો મનરૂપી મર્કટ તેને પૂંછડે કરીને ખેંચે છે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વંત જ હશે એમ કેમ માની શકાય? અહીંના અમૂલ્ય મણિરત્નોની ખ્યાતિ સાંભળી ક્યાં ચોર-લૂંટારા ન આવે? ઓછો જ આ કંઈ સત્-યુગનો જમાનો છે!

તો પછી આવતાં વિલંબ થશે એમ પિતા-શ્રીને કહેવડાવી દ્યો, આ તીર્થ સુરક્ષિત બને તેવી યોજના વિચારો.

ના, ના, જો હું સૂચવું તે માર્ગ ગ્રહણ કરાય તો સર્વ કંઈ બરાબર થઈ જાય. આપણી સાથેના રસાલામાંથી માત્ર ખપ પૂરતા અનુચરોને રાખી બીજા બધાને રાજધાની તરફ વિદાય કરવા. તેમની સાથે પિતાશ્રીને ખબર કરવી કે અમો પાછળ આવી રહ્યા છીએ. તમો બધા આ પહાડની ચારે બાજુ ઊંડી ખાઈ ખોદવા મંડી પડો. એ કાર્યમાં આપણે સાથે લાવેલા દંડરત્નનો ઉપ-યોગ કરો. દરમીઆન હું ગંગાના પ્રવાહને એ ખાઈમાં વાળી આણું. પાણીથી ભરપૂર ખાઈને જોતાં જ લૂંટારા કે ધાડપાડુ આ તરફ ફરકશે નહીં. બાકી ભાવુક આત્માઓ-યાત્રા નિમિત્તે આવેલા ઉપાસકો-એને પાર કરી, પર્વત પર ચઢી દર્શન કરશે જ કરશે.

જન્હુકુમાર ભાઈ, ખરેખર તમોએ સાચો માર્ગ શોધ્યો. ભરતચક્રીના સર્જન પાછળ સગરચક્રીના પુત્રોએ રક્ષણની પાળ આ રીતે ઊભી કરવી જ જોઈએ. તો જ યાત્રાએ આવ્યા પ્રમાણ અને તો જ કંઈ સ્મૃતિ મૂકી ગયા કહેવાય.

બસ પહાડની ચોતરફ હજારો હાથીના એક સામટા ઘસારાથી ધરતી ધ્રૂજવા માંડી. જોરથી હુલાવી દીધેલી કટાર જેમ દેહમાંથી આંતરડા બહાર ખેંચી કહાડે તેમ, દંડરત્નના પ્રભાવે ધરણીના મૂળ ઉપાડી બહાર આવવા માંડ્યા. ઉપરના ભાગમાં ઊગી નીકળેલા વૃક્ષો, જામી પડેલી ઝાડીઓ, અને છુટાછવાયા ઝુંપ-ડાઓ તો જોતજોતામાં હતા ન હતા થઈ ગયા! પ્રલય કાળના વાયરાને જોઈ જેમ મુસાફરો ભાગી છૂટે તેમ માનવ ટોળા અને પ્રાણીવૃંદ આ પ્યારા ગિરિનું સાંનિધ્ય ત્યજી નાશી છૂટયા!

દંડરત્નના આકરા ઘાથી ધરતીના ધાવણ તો છૂટી ગયા, પણ એની હેઠળ આવેલા દેવના ભુવનો પણ હાલી ઉઠ્યાં. મુશળધાર ધૂળધારા-ઓ એમાં વહી રહી. અચાનક આ બનાવે એ દેવતાઓને પણ વ્યાકુળ બનાવી મેલ્યા! ઈંદ્ર પાસે સમાચાર આવ્યા અને એકાએક એની ચક્ષુના ખૂણા રાતા થયા-એવો તે કોણ માનવ રાક્ષસ પાકયો કે જે દેવો સાથે બાથ ભીડવા તૈયાર થયો છે. ?

નાગરાજ જ્વલનપ્રભ પ્રગટ થયા, અને નેત્રો તગતગાવતા ગર્જી ઉઠયા—તમો સર્વ કોણ છો? આ શું કરી રહ્યા છો?

અમો સગર ચક્રીના પુત્રો છીએ. તમારે એમાં માથું મારવાનું શું કારણ?

આ તે રક્ષા છે કે ભક્ષા? પામર એવા માનવ આ તીર્થની શી રક્ષા કરવાના હતા? એનું સાનિધ્ય તો દેવોને સોંપાયું છે. તમારું કાર્ય તો તૃષાતુર વાછરડાને કુવામાં નાંખી દયા કરવા જેવું છે. ભક્તિના ઓથા તળે તમોએ અહીંના ઝાડપાનનો ખેડો કહાડયો! મનુષ્ય તેમ જાનવરોને આશ્રયહીન કર્યા! અને અમારા ભુવનોમાં ધૂળના ઢગ ભર્યા. હજારોનું અકલ્યાણ કરવારૂપ કાર્ય ભક્તિના બીબામાં શી રીતે સમાય? આટલાથી જ અટકી જાવ. પંથે પળો. ચક્રીના રત્નનો વધુ દુરુપયોગ ન કરો.

આટલું કહી જ્વલનપ્રભદેવ અંતર્ધાન થયા. સગરપુત્રો ક્ષાત્રતેજથી ભરેલા હતા. ધાક-ધમકીની તેમણે પરવા નહોતી, છતાં અન્યને હાનિ પહોંચે તેવી પ્રવૃત્તિ કર્યા જવી એ પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# प्रासंगिक स्फुरण.

લેખક:— શ્રી ફતેહચંદ ઝવેરભાઈ

સુંદર બગીચાને જેટલી વાડની આવશ્યકતા છે તેટલી જ જીવને દુ:ખની આવશ્યક્તા છે; દુ:ખમાં થતો કષ્ટનો અનુભવ એ જ જીવન માટે ઉન્નતિનું કારણ છે; ભૂખનું દુ:ખ જેમ ભોજનને વહાલું બનાવે છે તેમ દુ:ખોનો આસ્વાદ સાચા સુખની લહેજતને વધારે છે; સુખ એ છાતી અને દુ:ખ એ પીઠ છે; દરેકને બન્નેની આવશ્યકતા છે; દુ:ખ સુખના દ્વંદ્વો રાત્રિદિવસના દ્વંદ્વોની જેમ મનુષ્યને પડતી અને ચડતીના અનુભવો આપી રહ્યાં છે.

× × ×

હાથ અન્ન પકાવીને પોતે નહીં ખાતાં જઠરને અર્પણ કરી ખુશી થાય છે, અને એ સ્વાભાવિક રીતે પોતાનું વળતર મેળવી લે છે તેવી રીતે વિદ્વાન મનુષ્ય અન્ય અજ્ઞાન મનુષ્યોના હિતને માટે થાય, યથાશક્તિ સહુને ઉપયોગી થાય તો તે સૌના હિત સાથે સ્વાભાવિક રીતે પોતાનુ હિત પણ સાધી લે છે.

× × ×

જીવન સનાતન છે; જેમ શરીરમાં વિક્રિયા થયેલી હોય તો ઉપર ઉપરની દવાથી મટતી નથી પરંતુ વિકારો રેચદ્વારા કાઢી નાંખવાથી મટે છે અને શરીરમાં જીવનશકિત આવી હોવાથી લોહી હરતુંફરતું વિશેષ થવાથી વિક્રિયા નાબૂદ થાય છે, તેમ આત્મા અન્ય જન્મમાં જાય તો પણ જીવન સનાતન જીવનશક્તિનો સ્વભાવ ઉત્ક્રાંતિવાળો હોઇ કર્મના વિકારો દૂર થાય ત્યારે પૂર્વજન્મમાં એકઠા કરેલાં શુભ સંસ્કારનાં બીજોનું વૃક્ષ થતાં આખરે મુકિતરૂપ ફલ–અખંડ જીવન પ્રાપ્ત થાય છે.

× × ×

---

તેમનો હેતુ ન હતો. વડિલ ભ્રાતા જન્હુકુમાર ગંગાકાંઠે હતા, ત્યાં અનુચરો દોડાવ્યા. શું કરવું તેવા વિચાર કરવા લાગ્યા. ત્યાં તો થોડા જ સમયમાં ઘોડા પૂર વેગે ગંગાનો પ્રવાહ ખાઈમાં આવતો દૃષ્ટિગોચર થયો. અનુચરોનો મેળાપ થાય એ પૂર્વે જ જન્હુકુમાર તીર્થરક્ષાની ધારણાને સફળ બનાવતો આવી પહોંચ્યો. ચોતરફ જળ ફરી વળ્યું અને કાંઠાને છલકાવા લાગ્યું.

ભાઈઓ, વડિલ ભ્રાતા પાસે દોડી ગયા. નાગરાજના આગમન સંબંધી વાતનો આરંભ કરે ત્યાં તો એ જ જ્વલનપ્રભ–ભુવનપતિનો ઇંદ્ર પ્રલયકારના ફુંફાડા મારતો અને આંખોમાંથી અગ્નિ વર્ષાવતો આવી પહોંચ્યો. ભૃકુટિ ચઢાવી ભયંકર અવાજે ગર્જી રહ્યા.

નાદાનો, એક વાર શિખામણ આપ્યા છતાં એની અવજ્ઞા કરવાનું ફળ ચાખો. દેવોના ભુવનોમાં પાણી ભરવાના પ્રયાસનું ભયંકર પરિણામ ભોગવો. એમ કહી તરત જ વિષ-જ્વાળાદ્વારા બધાને ભસ્મીભૂત કર્યા!

—ચોકસી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ................વર્તમાન સમાચાર................

**શ્રી તાલધ્વજગિરિ (તળાજા તીર્થ) શ્રી ચૌમુખજીના મંદિરમાં ખંડિત કરવામાં આવેલી ચાર પ્રતિમાઓ.**

શાશ્વત શ્રી શત્રુંજયગિરિની ઉપરોક્ત ટુંકમાં ચૌમુખ પ્રભુની મૂર્ત્તિ-ખંડનનો ધર્મ-દ્વેષી બનાવ જે બન્યો તેથી જૈન અને હિંદુ સમાજની લાગણી અત્યંત દુભાઇ છે. શ્રાવણ વદી ૫ સોમવારે રાત્રિએ વૈરવૃત્તિને લીધે ઘણું હીચકારૂં આ ઘોર અપકૃત્ય કરવામાં આવેલ છે. મંદિરના તાળા તોડી પ્રતિમાઓ બહાર કાઢી મસ્તકો ખંડિત કરેલી સ્થિતિએ મંદિરના દરવાજા પાસે બીજે દિવસે સવારમાં જોતાં તળાજા ગામમાં દરેક હિંદુ કોમમાં હાહાકાર વર્ત્તી રહ્યો હતો. ભાવનગર તાર કરવામાં આવતાં અત્રેથી તપાસ કરવા ગૃહસ્થો ગયા હતા. ત્યારબાદ આ શહેરના અગ્રગણ્ય શહેરી શેઠ જીવરાજ દેવચંદના પ્રમુખ-પણા નીચે સમગ્ર મહાજન હિંદુસમાજ એકત્ર થઇ દીલગીરીનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

---

દૂધનું દહીં, છાશ, સાખણ અને ઘી અનુક્રમે થયા પછી ઘીનું દૂધ ત્રિકાલમાં પણ ન થઇ શકે; ઘાસ ગાયના મુખમાં ખવાયા પછી તેનું દૂધ થાય પણ ફરીથી ઘાસ ન શઇ શકે; વિજ્ઞાનની (science) પણ તેવી તાકાત નથી; તેમ સિદ્ધાત્મા થયા પછી તે કર્મમય સંસારી આત્મા ન થઇ શકે.

× × ×

**વ્યતિષજતિ પદાર્થાનાન્તરઃ કોઽપિ હેતુઃ।** અર્થાત્ "અંતરંગ ભાવોને એકઠાં થવામાં કોઇ પણ નિમિત્ત હોય છે"—એ રીતે સંસારી આત્માની અંતરંગ ક્રિયા કર્મના બંધ, ઉદય, કર્મચેતના અને કર્મફળચેતનાએ ચાલતી હોય છે, બાહ્ય નિમિત્તોને નજીક લાવવામાં પણ કર્મની અંતરંગ ક્રિયા કારણભૂત હોય છે; દૃષ્ટાંત તરીકે કેળું ખાવામાં આવ્યું અને અમુક મનુષ્યને અસાતાવેદનીયનો ઉદય થયો; આ કેળું ખાવાની ઇચ્છા પણ પૂર્વબદ્ધ મોહનીય કર્મના ઉદયથી થાય છે. એ રીતે કર્મો પરસ્પર સંકલનાપૂર્વક ભાગ ભજવી રહેલ છે.

× × ×

અખંડ વસ્તુ (Cosmas) ને વ્યાવહારિક પરિસ્થિતિમાં સમજવા માટે તેના ખંડ કરવા પડે છે; દૃષ્ટાંત તરીકે (૧) અખંડ આકાશા-સ્તિકાયને ઘટાકાશ, પટાકાશ વિગેરેથી (૨) કુદરત nature અખંડ છે તેને કવિતાની પરિભાષામાં ઉતારી વર્ણનો વિગેરેથી (૩) અખંડ અને અનંતગુણી તીર્થંકર પરમાત્માની મૂર્તિદ્વારા ઓળખાણથી (૪) અને અનંતજ્ઞાની આત્માની ઝાંખી મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ વિગેરે ક્ષાયોપશમિક-ખંડ જ્ઞાનદ્વારા-પ્રગટ થતી હોવાથી.

× × ×

ઉદ્યમ અને કર્મમાં એક અપેક્ષાએ કર્મની મુખ્યતા છે કેમકે કર્મ માર્ગ આપે ત્યારે જ પુરુષાર્થ કરવાની બુદ્ધિ થાય છે; છદ્મસ્થ મનુ-ષ્યને કર્મ ક્યારે માર્ગ આપશે તે જ્ઞાન નહિ હોવાથી પુરુષાર્થને પ્રધાન રાખી પ્રગતિ ચાલુ રાખવી જોઇએ; કર્મ અને પુરુષાર્થનું ઘર્ષણ થતાં થતાં આત્મજાગૃતિ મનુષ્ય જન્મમાં વધે અને આત્મા ઇચ્છાશક્તિપૂર્વક પુરુષાર્થ કરે ત્યારે જ કર્મનું બળ ઘટે અને આત્મિક ગુણોનો વિકાસ થતાં છેવટે કર્મનો સદંતર અભાવ થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્તીવાળા આવા નાના શહેરમાં રાત્રિના પ્રતિમા ખંડન કરવાનું આવું હીચકારૂં કૃત્ય કોઈ રીતે ક્ષમ્ય નથી. મુસલમાની રાજ્યોમાં પણ શ્રી શત્રુંજય-ગિરનાર-તળાજા વગેરે તીર્થો, બીજા જૈનેતર મંદિર મૂર્ત્તિઓનું ખંડન થયા છતાં આ તીર્થો સહિસલામત રહ્યા હતા, છતાં આજે ભાવનગર જેવા હિંદુ રામરાજ્ય-ધર્મનું રક્ષણકર્ત્તા રાજ્યમાં બનેલો આ હિચકારો બનાવ રાજ્યને પણ આઘાત પહોંચાડે તેવો છે. વળી આવા ગુંડાઓને શોધી શિક્ષા કરવાને રાજ્યના પોલીસ પ્રયત્ન શરૂ છે તે થશે પરંતુ ભવિષ્યમાં પણ સમગ્ર હિંદુ ધર્મનો, મંદિરોનો, મૂર્તિઓનો આવો બનાવ કોઈ કાળે ન બને તેમ રક્ષણ આપવાને પણ ફરજ ચૂકશે જ નહિ, તેમ નામદાર મહારાજાને વિનંતિ છે.

આ દુ:ખદ સમાચાર અત્રે જાણ્યા પછી સમગ્ર ભાવનગરમાં હડતાળ પાડવામાં આવી હતી. અને પછી પણ જૈનોએ ફરી હડતાળ પાડી હતી.

તીર્થરક્ષક કમીટીએ પણ આ દુ:ખદ સમાચાર હિંદમાં બધે સ્થળે વ્યવસ્થિત રીતે પહોંચાડવા એક કામચલાઉ કમીટી નીમીને કાર્ય શરૂ કીધું હતું. ભાવનગર શ્રી સંઘે તથા યુવકોએ પણ સારો સાથ આપ્યો હતો. બહાર ગામ સમાચાર પહોંચતા અત્રે કમીટી ઉપર દિલગીરીના ઠરાવો અને રાજ્ય ઉપર ચાંપતી તપાસ કરવા તાર દ્વારા વિનંતિ કરવામાં આવેલ છે. ભાવનગરમાં પર્યુષણ પર્વ સાદી રીતે ગાજાવાજા, ગીત ગાન, પ્રભાવના, રંગરાગ વગર માત્ર શ્રદ્ધાવડે ઉજવવામાં આવ્યા છે. ઘણાં શહેરોમાં પણ તેમ બન્યું છે. અત્રે બિરાજમાન આ. શ્રી વિજયઅમૃતસૂરિજી મહારાજે આ અપકૃત્ય અને અશાંતિ નિવારણ માટે તેમજ ભવિષ્યમાં ન થવા માટે તપ-જપ ધ્યાન વગેરે કરવા ઉપદેશ આપ્યો હતો.

**લુધીયાના-પંજાબ.**

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ બિરાજમાન છે. ત્યાંથી સમાચાર મળે છે કે-બજારમાં જૈનોનો વરઘોડો ચાલતો હતો. દરમ્યાન આ દુ:ખદ બનાવના સમાચાર મળતાં વરઘોડો વીંખી નાંખી શ્રી સંઘ ઉપાશ્રયે પહોંચ્યો, જ્યાં, પ્રભુપ્રાર્થના દિલગીરીના ઠરાવો અને તપ-જપ-ધ્યાન કરવામાં આવેલ હતાં.

---

# સ્વીકાર-સમાલોચના

**પંચાંગ સંવત ૨૦૦૨નું મુનિરાજશ્રી વિકાસવિજયજી તરફથી અમોને ભેટ મળેલ છે.**

જૈન અને અન્ય જ્યોતિષ ગ્રંથોનો અભ્યાસ કરી સુમારે દસ વર્ષથી સર્વમાન્ય ( જૈન-જૈનેતર ) પંચાંગ પ્રકટ કરવામાં આવે છે અત્યાર સુધી કોઇ પણ જ્યોતિષશાસ્ત્રી આ પંચાંગને અયોગ્ય ઠરાવી શકયા નથી, તેમાં દૈનિક સ્પષ્ટ ગ્રહો, ક્રાન્તિ તથા લગ્નો સહિત હિન્દમાં સૌથી સૂક્ષ્મ ગણિતવાળું આ પંચાંગ જૈન સમાજ તેમજ જૈનેતર બંધુઓ પણ તેનો ઉપયોગ કરે છે. આગલા વર્ષોમાં અનેક અભિપ્રાયો મળેલા છે. અમો પણ આ પંચાંગને આવકારદાયક ગણીએ છીએ. કિંમત રૂ. ૦-૮-૦. અમારે ત્યાંથી મળશે.

**વિવિધ વિષય વિચારમાળા**—ભાગ આઠમો લેખક મુનિરાજશ્રી મણિવિજયજી મહારાજ. પ્રકાશક જુઠાલાલ નથુભાઇ ઝવેરી જામનગર. અનેક ગ્રંથો અને આગમોમાંથી ઘણા જ પ્રયત્ને સંગ્રહ કરી બાળજીવઉપયોગી અનેક વાંચવા યોગ્ય વિષયોનો સંગ્રહ કરી આવા સાત ભાગો પ્રથમ અને આ આઠમો ભાગ ઘણો જ વિસ્તારપૂર્વક લખી લેખક મુનિરાજશ્રીએ સમાજ ઉપર ઉપકાર કર્યો છે. ભાગો વાંચવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેવા અને નવી નવી હકીકતો જાણવા જેવી છે. વૃદ્ધાવસ્થા હોવા છતાં મુનિશ્રીનો આ પ્રયત્ન ઉપકારક અને પ્રશંસા યુક્ત છે. કિંમત સાડા છ રૂપીયા. પ્રકાશકને ત્યાંથી મળશે.

**અનોપમાદેવી**—લેખક-પ્રકાશક કવિ ભોગીલાલ રતનચંદ-અમદાવાદ. લેખક કવિ ભોગીલાલ પોતે ધાર્મિક આખ્યાનો લોકરંજન ભાષામાં આપવા માટે સુવિખ્યાત છે, પરંતુ આવી ઐતિહાસિક કથા લખવાનો તેમનો આ પ્રથમ પ્રયત્ન પણ ઐતિહાસિક અનેક પુરાવાથી અને સંશોધન કાર્યવડે સાદી સરળ ભાષામાં આવકારદાયક છે. અનોપમાદેવી તે વસ્તુપાળ મહામાત્યના લઘુબંધુ તેજપાળની એક આદર્શ-અનુકરણીય ધર્મપત્ની હતી. જ્યાં જ્યાં તે રાજ્યના યુદ્ધના મોરચા મંડાય ત્યાં અનુપમા દેવી પોતાના પતિ તેજપાળને ઉત્સાહિત કરી મોકલતી. રાજ્ય કારભારમાં પણ વસ્તુપાળ તેજપાળને ગુંચવણના પ્રસંગે યોગ્ય સલાહકાર નિવડતી. ધર્મશ્રદ્ધાળુ અને આબુ ગિરિરાજ ઉપરના સુંદર દેવાલયો જે બન્યા છે તે કરવામાં પણ તેમનો અનેરો ઉત્સાહ અને સુંદર પ્રયત્નનું ફળ હાલ પણ જોવાય છે. એકંદર આ ચરિત્ર બહુ જ સુંદર અને વાંચવા યોગ્ય છે. કિંમત કંઇ વિશેષ છે તો પણ લેખક કવિરાજ આવા સુંદર ચરિત્રો માટે હવે પછી તે માટે વિચારશે એમ સૂચવીયે છીએ. ઠે. રતનપોળ, પીંપળાવાળો ખાંચો-અમદાવાદ. કિં. પાંચ રૂપીયા.

**શ્રી ગણધરસાર્દ્ધશતકમ્**—પ્રતાકારે સુંદર શાસ્ત્રી ટાઇપથી ઊંચા પેપરોમાં શ્રી જિનદત્તસૂરિ જ્ઞાનભંડાર-સુરત તરફથી ગ્રંથાંક ૪૮ મા તરીકે પ્રગટ થએલ છે. તેના રચયિતા શ્રી જિનદત્ત સૂરીશ્વરજી છે અને સંક્ષિપ્ત ટીકા શ્રી પદ્મમંદિર ગણિની કરેલી છે. મુનિશ્રી કાન્તિસાગર મહારાજે હિંદી ભાષામાં પ્રસ્તાવનામાં કરેલું વિવેચન ખાસ વાંચવાથી ગ્રંથનું સ્વરૂપ સમજાય તેમ છે. જૈન ઐતિહાસિક સાહિત્યનાં આ ગ્રંથે એક સુંદર વૃદ્ધિ કરી છે. ભાષા સંસ્કૃત સરલ હોઇ અભ્યાસીઓને ઉપયોગી છે. ગ્રંથ ભેટ આપવામાં આવતો હોવાથી પ્રકાશકનો હેતુ જ્ઞાનનો બહોળો પ્રચાર કરવાનો જણાય છે.

**અમૃતના ઘુંટડા**-લેખક આચાર્યશ્રી ભુવનતિલકસૂરિ. વાંચવા યોગ્ય ઉપદેશક પુસ્તક છે.

**મહાવીરસ્વામીનો સંયમ ધર્મ**--( શ્રી સૂત્રકૃતાંગનો મૂળનો છાયાનુવાદ ) સંપાદક ગોપાળદાસ જીવાભાઇ પટેલ. પૂંજાભાઇ હીરાચંદ ગ્રંથમાળાનું દશમું પુસ્તક કિંમત. દશ આના.

**ગૌરવ ગાથા**--આચાર્યશ્રી વિજયગંભીરસૂરિની ટૂંકકથા, લેખક અતિથિ.

ઉપરના ગ્રંથો ભેટ મળ્યા છે તે સાભાર સ્વીકારવામાં આવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## છપાતાં ગુજરાતી ગ્રંથો.

૨ કથારત્નકોષ.
૩ શ્રી સંઘપતિ ચરિત્ર.
૪ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર.
૫ શ્રી મહાવીરદેવના વખતની મહાદેવીઓ.
૬ શ્રી શાંતિનાથ ચરિત્ર.

જો કે છપાઈ રહેતાં શુમારે અઢી હજાર પાનાનું સુંદર વાંચન થશે. આવી સખ્ત મોંઘવારી છતાં સભા આ ઉત્તમોત્તમ સુંદર સાહિત્યના પ્રકાશનનું કાર્ય ઉદ્દેશ પ્રમાણે કરે છે.

નાં. ૧–૫ માં આર્થિક સહાય આપનાર બંધુઓનું જીવનચરિત્ર ફોટા સાથે આપવામાં આવશે.

## શ્રી તપોરત્ન મહોદધિ ( બીજી આવૃત્તિ. )

આગમો તથા પૂર્વાચાર્યકૃત ગ્રંથોમાંથી સંશોધન કરી ૧૬૨ તપોના નામ, તેની વિધિવિધાન દરેક તપોની ક્રિયાઓ સહિત, તે કેમ કરવો તેની હકીકતો ગુજરાતીમાં શાસ્ત્રીય ટાઇપથી પ્રતાકારે શુમારે ૧૭ ફોર્મ શુમારે બશેંહ પેજમાં છપાય છે. કિંમત રૂા. ૨-૦-૦ અગાઉથી પણ કેટલાક ગ્રાહકો થયેલ છે, જેથી અન્યે વેળાસર અમોને લખી જણાવવું.

## સંસ્કૃત સીરીઝ પ્રકાશન ખાતું.

નીચેના ગ્રંથો સીલીકમાં જુજ છે, જેથી જરૂર હોય તેમણે સત્વર મંગાવી લેવા. ફરી છપાવી શકાય તેમ નથી.
૧ શ્રીબૃહતકલ્પસૂત્ર ભાગ ૩–૪–૫ રૂા પા રૂા. ૬। રૂા. ૫). ૨ કર્મગ્રંથ બીજો ભાગ (પાંચમોછઠ્ઠો)રૂા.૪–૦–૦.
૩ શ્રીઆદિનાથચરિત્રપ્રથમપર્વ(પ્રતતથાબુકાકારે)કિં.૧–૮. ૪ શ્રીકથારત્નકોષગ્રંથલેઝરપેપર.૧૦,ગ્લેઝપેપર૮–૮.
૫ જૈન મેઘદૂત રૂા. ૨–૦–૦.

## દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવાનોના સુંદર સચિત્ર ચરિત્રો.

નીચેના ગુજરાતી ગ્રંથોની માત્ર થોડી કોપીયો સીલીકે છે. ફરી તે પણ છપાઇ શકે તેમ નથી, જલદી લાભ લેવા જેવું છે—

૧ શ્રી આદિનાથ ચરિત્ર રૂા. ૫–૦–૦
૨ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર રૂા. ૨–૦–૦
૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર (બીજો ભાગ) રૂા. ૨–૮–૦
૪ શ્રી વિમળનાથ ચરિત્ર રૂા. ૨–૦–૦
૫ શ્રી વાસુપૂજ્ય ચરિત્ર રૂા. ૩–૦–૦
૬ શ્રી મહાવીર ચરિત્ર રૂા. ૩–૮–૦

## શ્રી કુમાર વિહાર શતક ગ્રંથ.

### શ્રી રામચંદ્રગણિ કૃત મૂળ અને શ્રી સુધાભૂષણગણિ કૃત અવચૂરિ અને તેનો ગુજરાતીમાં ભાવાર્થ વિશેષાર્થ સહિત.

તેરમાં સૈકામાં રસ અને અલંકારના ચમત્કારથી વિભુષિત અસાધારણ નૈસર્ગિક આ ખંડ કાવ્યની રચના થયેલી છે. પરમાર્હત કુમારપાળ મહારાજાએ પાટણમાં પોતાના પિતા ત્રિભુવનપાળના નામથી બનાવેલ શ્રી કુમારવિહાર જૈન મંદિર અને આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે પ્રતિષ્ઠા કરેલ શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ રૂપ આ કાવ્યની રચના હોવા સાથે તે મંદિરનું ચમત્કારિક વર્ણન આપેલ છે. તે મંદિરમાં અને મુખ્ય પ્રાસાદની અંદર ૧૨૫ અંગુલ ચંદ્રકાન્તમણીની પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા હતી. સર્વ કળશો અને સ્તંભો સુવર્ણના હતા. એકંદરે તે જિનમંદિર ૯૬ કોટિ દ્રવ્ય ખરચી કુમારપાળ મહારાજે બંધાવ્યું હતું, તેનું વર્ણન છે. કાવ્યની રચના સાથે તેનું ગુજરાતીનું ભાષાંતર પણ આપવામાં આવ્યું છે. ૨૫૦ પાનનો ગ્રંથ છે. કિં. રૂા. ૨.

પર્યુષણના જૈન પેપરના અંકમાં સુધારો–અમારા કેટલાક ગ્રંથોની કિંમત પ્રેસદોષથી ભૂલવાળી છપાયેલ તેથી આ માસિકમાં તેના આગલા અંકોમાં જે કિંમત છે તે સમજવી. સભા—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431


## તૈયાર છે ! ॥श्री कथारत्न कोष मूल॥ (कहारायण कोसो) તૈયાર છે !!

આ "કથારત્ન કોષ" ગ્રંથ પ્રાકૃત ભાષામાં શ્રી દેવભદ્રાચાર્ય જેવા વિદ્વાન આચાર્ય મહારાજે રચેલો છે; ઘણા જ પરિશ્રમે સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે, જે જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. એવા મહા મૂલ્યવાન જુદા જુદા ૫૦ જૈનધર્મના **તત્ત્વજ્ઞાન** અને બીજા જાણવાલાયક વિષયો ઉપર અનેક **અનુપમ કથારૂપી રત્ન ભંડાર** આ ગ્રંથમાં ભરેલ છે; શ્રી મુનિ મહારાજાઓને વ્યાખ્યાન માટે તો ખાસ ઉપયોગી છે. ફોર્મ ૬૬ પાના ૮૦૦ **આઠસેંહ** ઉંચા લેઝર પેપર, અને ઉંચા ટકાઉ ગ્લેઝ્ડ પેપર ઉપર શાસ્ત્રી સુંદર ટાઇપથી પ્રતકારે છપાવવામાં આવેલ છે, અનુક્રમે કિંમત રૂા. ૧૦) તથા રૂા. ૮-૮-૦

## જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય.

( સંગ્રાહક અને સંપાદક શ્રી જિનવિજયજી સાહેબ, આચાર્ય ગુજરાત પુરાતત્ત્વ મંદિર )

શ્રી જૈન શાસનની ઉન્નતિ કરનારાં આચાર્યો, સાધુઓ, સાધ્વીઓ અને ગૃહસ્થોના જીવન ચરિત્ર સૌરભને પ્રસરાવનારા પ્રાચીન ગુજરાતી ભાષામાં રચાયેલ પ્રામાણિક, ઐતિહાસિક પ્રબંધો, કાવ્યો અને રાસોનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે. અનેક જૈન વિદ્વાનો પાસે સંપાદનકાર્ય કરવામાં આવેલ છે.

તેનો રચના કાળ ચૌદમાં સૈકાથી પ્રારંભી વીસમા સૈકાના પ્રથમ ચરણ સુધી સાડા ચાર સૈકાનો છે,

પંદરમા સૈકા પછીના આચાર્યોએ ગુજરાતી ભાષામાં તે તે સમયમાં ને તે તે પ્રાન્તમાં ગ્રામ્ય ભાષા ચાલતી તેને પ્રાધાન્યપણું આપી રચેલા આ કાવ્યો છે. આ કાવ્યોના કર્તા કવિઓની પ્રતિભા પણ તેમાં તરી આવે છે.

આ ગ્રંથમાં કાવ્યો, તથા રાસોનો ગુજરાતી ભાષામાં સાર, કર્ત્તા મહાશયો કયા કયા ગચ્છના હતા, તે તેમજ તેઓશ્રીના ગચ્છોના નામો, ગૃહસ્થોના નામો, તમામ મહાશયોના સ્થળો, સંવત સાથે આપી આ કાવ્ય સાહિત્યની સુંદર અને સરલ ઉપયોગી રચના બનાવી છે, ૫૦૦ પાંચસો પાના કરતાં વધારે છે. કિંમત રૂા. ૨-૧૨-૦ પોસ્ટેજ અલગ.

### શ્રી ચારિત્ર રત્ન ગણિ-વિરચિત—
## શ્રી દાનપ્રદીપ—

પંદરમા સૈકામાં ૬૬૭૫ શ્લોક પ્રમાણ રચેલા આ ગ્રંથનું આ સુંદર અને સરલ ગુજરાતીભાષાંતર છે.

**જિનાગમરૂપી અગ્નિ પાસેથી વિવિધ પ્રકારના અર્થરૂપી તેજને ગ્રહણ કરી જિન શાસન-રૂપી ઘરમાં દાનરૂપી દીવાને** પ્રગટ કરવા, આ ગ્રંથની બાર પ્રકાશમાં રચના કરી છે. જ્ઞાનદાન, અભયદાન, અને સુપાત્રદાનના પોષણ કર્તા ધર્મોપષ્ટંભ દાનના અનેક ભેદો-પ્રકારો, તેના આચારોનું વર્ણન અને તે ઉપર દાનવીરોના ઉત્તમ ૪૨ સુંદર મનન કરવા યોગ્ય સુંદર ચરિત્રો-સુંદર કથાઓ સાથે આપવામાં આવેલ છે. સાથે દેશથી અને સર્વથી દયાનું વિવેચન, દાનના ગુણો અને દોષોનું વર્ણન વગેરે હકીકત વિસ્તારથી આપેલ છે. જીવનને સન્માર્ગ દર્શક, પિતા પેઠે સર્વ ઇચ્છિત આપનાર, માતાની પેઠે સર્વ પીડા દૂર કરનાર, મિત્રના પેઠે હર્ષ વધારનાર, મહા મંગળરૂપ, આત્મ-જ્ઞાનની ભાવનાઓ સ્ફુરિત કરનાર, નિર્મળ, સમ્યક્ત્વ, શ્રાવકત્વ, પરમાત્મત્વ પ્રગટ કરાવનાર દેદીપ્યમાન દાનધર્મરુપી દીવો જિન પ્રવચનરૂપી ઘરને વિષે ચોતરફ પામી અનેક જીવોને મોક્ષ પ્રાપ્ત કરાવે છે. બીજા ત્રણ ધર્મ શિયળ તપ અને ભાવ જ્યારે આચરનારને ઉપકારક થાય છે ત્યારે **દાનધર્મ** તો આપનાર તથા લેનાર બન્નેને ઉપકારક થાય છે. એકંદરે આ અપૂર્વ ગ્રંથ નિરં-તર પઠન પાઠન કરવા જેવો છે. ૫૦૦ પાનાનો ઉંચા પેપર ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં છપાયેલ રેશમી કપડાના સુંદર બાઇન્ડીંગથી આ ગ્રંથ અલંકૃત કરવામાં આવેલ છે કીંમત રૂા. સાડાત્રણ પોસ્ટેજ જુદુ.


મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસ : દાણાપીઠ—ભાવનગર.

For Private And Personal Use Only